






■ સુરતના અલથાણ વિસ્તારમાં પાટીદાર વિદ્યાર્થિનીની છેડતી કરનારને પોલીસ રિકન્સ્ટ્રક્શન માટે અલથાણ લઇ ગઇ ત્યારે લોકોએ આરોપીનો ટપલીદાવ કર્યો હતો. જ્યારે લાઠીચાર્જ કરનાર પોલીસના છાજિયા લીધા હતાં. (તસવીર : હેમંત ડેરે, સતીષ જાદવ)

# બીજા દિવસે પણ પાટીદારો પર બળપ્રયોગ

**ભોગ** બનનાર માતા પિતા પર કોઈ દબાણ છે ?

સુરતઃ સ્થિતિ ત્યારે વધુ વણસી જ્યારે ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસ પર પણ પથ્થરમારો શરૂ કર્યો. સતત ચપ્પલ અને પથ્થરો ફેંકાતા હોવાને કારણે પોલીસ જવાનો માટે પરિસ્થિતિને કાબૂમાં લેવી પડકારજનક બની હતી. ભીડને વિખેરવા અને કાયદો-વ્યવસ્થા જાળવી રાખવા માટે આખરે પોલીસે હળવો બળપ્રયોગ કરવાની પણ નોબત આવી હતી. સમગ્ર વિસ્તારમાં પોલીસ છાવણી જેવો માહોલ સર્જાયો હતો અને લોકોના રોષ સામે પોલીસ પ્રશાસન લાચાર જણાતું હતું.

ગત રોજ બનેલી લાઠી ચાર્જની ઘટના બાદ યુવતીની માતાએ આપેલા ઈન્ટરવ્યુમાં પાટીદાર સમાજનો પોલીસનો ભાજપ પાર્ટીનો સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો. પરંતુ આજે ફરી આરોપીને ઘટના સ્થળે લાવતા કિશોરીના પિતા મીડિયા સમક્ષ રોષ વ્યક્ત કર્યો હતો કે પોલીસે પાટીદાર સમાજ પર ખોટી રીતે લાઠીચાર્જ કર્યો છે અને ત્યાં હાજર લોકો લાઠી ચાર્જ કરનારા પર કડક કાર્યવાહીની માંગ કરતા કુતૂહલ સર્જાયું હતું. આખી ઘટના બાદ કિશોરીના માતા પિતા પર કોઈ દબાણ હોવાનું લાગી રહ્યું છે.




### રણચંડી બનેલી પાટીદાર મહિલાઓએ આરોપી પર ચપ્પલ અને પથ્થર ફેંક્યા

ઘટના સ્થળ પર માત્ર પુરુષો જ નહીં, પરંતુ મોટી સંખ્યામાં મહિલાઓ પણ હાજર હતી. આરોપીને જોતા જ મહિલાઓએ સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા અને વિરોધ પ્રદર્શન



ઉગ્ર બન્યું હતું. ગુસ્સે ભરાયેલા લોકોએ આરોપી પર ચપ્પલ અને પથ્થરો ફેંકવાનું શરૂ કરી દીધું હતું. ભીડ બેકાબૂ બનતા પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપીને બચાવવા માટે સુરક્ષા કવચ બનાવ્યું હતું અને ગણતરીની મિનિટોમાં જ તેને પોલીસ વાનમાં બેસાડી ત્યાંથી રવાના કરી દીધો હતો.



### આરોપી નવ વર્ષની બાળકીનો પિતા

પાટીદાર સમાજની દીકરીની છેડતી કરનાર આરોપી મોહમ્મદ અઝીઝ ઇમ્તિયાઝ શેખ હાલ બેકાર છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે, જ્યારે આ ઘટના બની ત્યારે સાંજે 5:00 વાગ્યે તે બારડોલીથી અલથાણ આવ્યો હતો. ઇમ્તિયાઝના પિતા 65 વર્ષના છે અને વાયરિંગનું કામ કરે છે, જ્યારે તેની માતા 58 વર્ષના છે. આરોપી ચાર ભાઈઓમાં સૌથી મોટો છે. તેના અન્ય ત્રણ ભાઈઓ પૈકી એક એસી રિપેરિંગનું કામ કરે છે, બીજો પલસાણા ખાતે મિલમાં કામ કરે છે અને ત્રીજો પણ એસી રિપેરિંગના વ્યવસાય સાથે સંકળાયેલો છે. આરોપી હાલ બારડોલીમાં રહે છે. આરોપીએ ધોરણ 1 થી 12 સુધીનો અભ્યાસ બારડોલીમાં કર્યો છે. ત્યારબાદ તે સુરતના ઝાંપાબજાર ખાતે ડિઝાઇનિંગનો કોર્સ કરવા આવ્યો હતો. તેની પત્ની ઘરકામ કરે છે. સંતાનમાં તેને એક નવ વર્ષની દીકરી છે જે ધોરણ 5માં ભણે છે અને એક સાત વર્ષનો દીકરો છે જે ધોરણ 2માં ભણે છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે તેનો અગાઉનો કોઈ ગુનાહિત ઇતિહાસ નથી. આરોપી અગાઉ ભેસ્તાન ખાતે આશીર્વાદ ઇન્ડસ્ટ્રીઝના ખાતા નંબર 1, 2 અને 3માં 'શ્રીનાથ ક્રિએશન'માં ડિઝાઇનર તરીકે નોકરી કરતો હતો, પરંતુ નોકરી છૂટ્યા બાદ તે ઘણા સમયથી બેરોજગાર હતો.






### ડીસીપી નિધિ ઠાકુરની ગાડી પર લાતો મારવામાં આવી

ગઇકાલે પોલીસે કરેલા લાઠીચાર્જનો વિરોધ કરી રહેલી પાટીદાર મહિલાઓએ ડીસીપી નિધિ ઠાકુરની ગાડીને રોકી લીધી હતી. જેના કારણે પોલીસ કાફલાને અન્ય વૈકલ્પિક રસ્તેથી નીકળવાની ફરજ પડી હતી. લોકોનો ગુસ્સો એટલો સીમા વટાવી ગયો હતો કે મહિલાઓ અને પુરુષો દ્વારા પોલીસની ગાડીઓ પર લાતો મારવામાં આવી હતી. દીકરીની છેડતીના મામલે સમાજમાં વ્યાપેલો આક્રોશ આ મર્યાદા બહારના વિરોધ પ્રદર્શનમાં સ્પષ્ટપણે જોવા મળ્યો હતો.

### ભાજપના હરાવવા માટે આખો ઉશ્કેરાટ ઊભો કરાયાની ઓડિયો ક્લિપથી ગરમાવો

અલથાણમાં બનેલી યુવતીની છેડતીની ઘટનામાં હવે એક ગંભીર રાજકીય વળાંક જોવા મળી રહ્યો છે. આ મામલે સોશિયલ મીડિયામાં એક ઓડિયો ક્લિપ વાયરલ થઈ છે, જેના આધારે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપને પરાજય આપવા માટે સ્થાનિક આગેવાનો દ્વારા આ આખું ષડયંત્ર રચવામાં આવ્યું હતું. આ ઓડિયો ક્લિપમાં થયેલી વાતચીત મુજબ, ચૂંટણીના માહોલને અસર કરવાના હેતુથી આ ઘટનાને હવા આપવામાં આવી હોવાની આશંકા છે. જોકે, આ વાયરલ ઓડિયો ક્લિપની સત્યતા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી અને તે તપાસનો વિષય છે. તેમ છતાં, ચૂંટણીના ટાણે જ આ પ્રકારનું કથિત ષડયંત્ર બહાર આવતા સ્થાનિક રાજકારણમાં ભારે ચર્ચાઓ જાગી છે.વાયરલ ઓડિયો મામલે એસીપી ઝે.ડ.આર દેસાઇ તપાસ શરૂ કરી છે.

**ઓડિયો ક્લિપના વાતચીતના અંશ જીવરાજ કાકા નામે**

**જીવરાજ કાકાનો માણસ :** અલ્યા જીવાકાકાનો ફોન હતો, ઢીલા પડવાનું નથી ચોખ્ખું કીધું છે.
**સામે વાળોઃ** હા લ્યા થઈ જશે, કોઈ ઢીલું નથી પડતું.
**જીવરાજ કાકાનો માણસઃ** પોલીસે સર્વિસ કરી નાંખી છે મોહમ્મદિયાની, પણ જો આપણે ઢીલા પડીશું ને તો ક્રેડિટ બધી સંઘવી લઈ જશે, એટલે આપણે હવે જીપમાંથી બહાર ખેંચી કાઢવો પડશે એને.
**સામે વાળોઃ** હા એ જીવાકાકાએ સમજાવ્યું બધું મને.
**જીવરાજ કાકાનો માણસઃ** એ તો મને ખબર છે પણ હવે ઢીલા પડવાનું નથી નકર બધી મહેનત પાણીમાં જશે આપણી.
**સામે વાળોઃ** અલ્યા કોઈ ઢીલા નથી પડતું, મારફાડ માણસો શોધ્યા છે.
**જીવરાજ કાકાનો માણસઃ** પછી તરત જ પોલીસ સ્ટેશન અને ભાજપ કાર્યાલય બે જગ્યા પર હોબાળો કરવાનો છે, જેથી પેલો ઘમલો ઊંઘવો ના જોઈએ.
**સામે વાળોઃ** બધું તૈયાર છે પણ સાંભળ, આ અંદર ગયો એ માણસ આપણો છે તો એને જરાક...
**જીવરાજ કાકાનો માણસઃ** જીવાકાકા સાથે વાત થઈ ગઈ છે મારે બધી, બધું ઠંડુ પડે એટલે એને છોડાવી દઈશું. આનાથી આખી વાત આપણી બાજુ વળી જશે અને પટેલિયાઓ બધા ભાજપની પત્તર ઠોકી નાખશે.
**સામે વાળોઃ** અલ્યા કરાવું છું, તું મેલ ને




# કંપનીના મેનેજરે નેચરલ હીરા સેરવી CVD પધરાવી દીધા

**મેનેજર** પાર્થ વોરાએ વિશ્વાસઘાત કરી પેઢીને ૧૯.૧૩ લાખનો 'ચૂનો' ચોપડ્યો

સુરત : કતારગામ વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં ભરોસાપાત્ર મેનેજરે જ ઘરભેદુ બનીને પોતાની કંપની સાથે લાખોની છેતરપિંડી આચરી છે. ઉમરાગામ સ્થિત નેહરૂ સોસાયટીમાં રહેતા અને મૂળ તમિલનાડુના વતની લક્ષ્મીનારાયણન બાલામુરૂગન (૩૧) કતારગામ લલિતા એસ્ટેટમાં આવેલી ડાયમંડ જ્વેલરી ઉત્પાદક પેઢીમાં મેનેજર તરીકે કાર્યરત છે. તેમની જ પેઢીમાં કામ કરતા અન્ય એક મેનેજર પાર્થ રમેશભાઈ વોરા (રહે. નિલકંઠ રેસીડેન્સી, પાલ) એ કંપનીના વિશ્વાસનો દુરુપયોગ કરી કિંમતી હીરા સેરવી લીધા હોવાની ફરિયાદ નોંધાઈ છે. તેણે તિજોરી કે સ્ટોકમાંથી આશરે ૪૩.૧૭૧ કેરેટના ૧૯,૧૩,૩૩૮ નેચરલ હીરા ગપચાવી લીધા હતા. ચોરી પકડાઈ ન જાય તે હેતુથી તેણે તેટલા જ વજનના લેબગ્રોન હીરા મૂકી દઈ કંપનીની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ કર્યો હતો. હીરાના સ્ટોકની આંતરિક ચકાસણી (સ્ટોક ઓડિટ) હાથ ધરવામાં આવતા સંચાલકોને હીરાની ચમક અને ગુણવત્તામાં તફાવત જણાતા શંકા ગઈ હતી. જ્યારે ટેસ્ટિંગ કરવામાં આવ્યું ત્યારે જાણવા મળ્યું કે કિંમતી નેચરલ હીરા ગાયબ છે અને તેની જગ્યાએ સસ્તા સીવીડી હીરા મૂકવામાં આવ્યા છે. આ સમગ્ર કારસ્તાન પાછળ મેનેજર પાર્થ વોરાની સંડોવણી હોવાનું સ્પષ્ટ થતાં અંતે મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. કતારગામ પોલીસે આરોપી પાર્થ વોરા ઠગાઈનો ગુનો દાખલ કર્યો છે.

# માતાની અંતિમવિધિ માટે માંગેલા જામીન નકારાયાં

**પોલીસ** તપાસમાં સગાભાઇએ ભાંડો ફોડ્યો, માતાની તમામ વિધિ આટોપાઇ ગઇ

સુરતઃ મોટા પુત્ર તરીકે માતાની અંતિમવિધિ સહિતની વિધિમાં હાજરી આપવા માટે વચગાળાની જામીન અરજી કરનાર હત્યા કેસનાં આરોપીની અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. લિંબાયત પોલીસ સ્ટેશનની હદમાં 1997 નાં વર્ષમાં બનેલી આ ઘટનામાં આરોપી 25 વર્ષે ઝડપાયો હતો. તેણે માતાના અવસાનના કારણે 30 દિવસના વચગાળાના જામીન માંગતી અરજી સેશન્સ કોર્ટમાં કરી હતી. આ અરજીનાં વિરોધમાં ફરિયાદ પક્ષે સરકારી વકીલ એપી વસોયાએ દલીલ કરી હતી કે આરોપી ઉપર ખૂબ જ ગંભીર પ્રકારના ગુનાનુ તહોમત છે. આરોપી ગુનો દાખલ થયા બાદ ભાગી ગયો હતો, જે ૨૫ વર્ષ જેટલા લાંબા સમય બાદ પકડાયેલો છે. માતાનાં નિધનનાં નામે કરાયેલી આ અરજી સંદર્ભે તપાસ કરનાર અમલદાર દ્વારા યુ.પી. ખાતે રહેતા સગા ભાઇ છોટેલાલને ફોન કરતા તેમની માતાની અંતિમ ક્રિયા પૂર્ણ કરવામાં આવી હોવાનુ જણાવ્યું હતું. જેથી વચગાળાના જામીન ઉપર મુકત કરવામાં આવશે તો આરોપી ભાગી જશે.

# ભાજપના નેતા પાસે ખંડણી માંગનાર બે સામે ફરિયાદ

**ડિજિટલ** ખંડણીખોરોનો આતંક, ભાજપ અગ્રણીની છબી બગાડવા ખેલ

સુરતઃ શહેરના ગોડાદરા વિસ્તારમાં ભાજપના એક સામાજિક કાર્યકર અને અગ્રણીની છબી ખરડાવવા માટે ફેસબુક પર આપત્તિજનક પોસ્ટ મૂકી, તેને ડિલીટ કરવાના બહાને એક લાખ રૂપિયાની ખંડણી માંગવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

ડિંડોલીના ભાજપના નેતા અમિતસીંગ જમનાસીંગ રાજપૂતે ગોડાદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. તેમણે તેમની ફરિયાદમાં જણાવ્યું છે કે અરુણ પાઠક નામના ફેસબુક એકાઉન્ટ પરથી અમિતસીંગ વિરુદ્ધ અત્યંત નિમ્ન સ્તરની ભાષા અને ગાળો લખેલી પોસ્ટ્સ શેર કરવામાં આવી હતી. અરુણ પાઠકે અગાઉ ૧૩ એપ્રિલના રોજ પણ અમિતસીંગને ફોન કરી નાણાકીય માંગણી કરી હતી.

બાદ તેના સાગરીત મોહન કનોજીયાએ અમિતસીંગના સાથીદારને ફોન કરી ધમકી આપી હતી કે જો આ તમામ ફેસબુક પોસ્ટ્સ ડિલીટ કરાવવી હોય તો રૂપિયા ૧ લાખ આપવા પડશે.

ખંડણીખોરોની વાતમાં આવીને અમિતસીંગના મિત્રએ પ્રથમ ચકાસણી માટે ૧ રૂપિયો અને ત્યારબાદ કુલ રૂ.૧૦,૧૦૧ ટ્રાન્સફર કર્યા હતા. ત્યારબાદ એક જ પોસ્ટ ડિલીટ કરી બાકીની પોસ્ટ્સ હટાવવા માટે વધુ ૨૫,૦૦૦ રૂપિયાની માંગણી ચાલુ રાખી હતી. આખરે કંટાળીને ભાજપ અગ્રણીએ ગોડાદરા પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે આરોપી અરુણ પાઠક અને મોહન કનોજિયા સામે ગુનો નોંધ્યો છે.

**ઉનાળાનું સુપરફૂડ** | ફળ મોંઘું હોવા છતાં લોકો ગરમીથી રાહત મેળવવા માટે મોટી સંખ્યામાં ખરીદી કરતા હોય છે

# ઉનાળામાં સુરતમાં ગલેલીનો કરોડોનો વ્યાપાર

**ગલેલીના** હબ કહેવાતા ભાઠા ભાટપોર ગામમાંથી રોજબરોજ 10 લાખ રૂપિયાની ગલેલીનો ઉપાડ થાય છે

સુરતઃ તાડના વૃક્ષમાંથી મળતું ઉનાળાનું લોકપ્રિય 'સુપરફૂડ' ગલેલી (તાડગોળા/આઈસ એપલ)નું વેચાણ એપ્રિલ-મે મહિનામાં દક્ષિણ ગુજરાતમાં જોરશોરથી ચાલી રહ્યું છે. ખાસ કરીને નવસારી અને સુરતના ભાઠા-ભાટપોર વિસ્તારમાં આ ફળનો વેપાર ચરમસીમાએ પહોંચ્યો છે. માત્ર 45 દિવસનાં ટુંકા ગાળાના આ વ્યવસાઈ કરોડોનો રોજગાર થાય છે. જોકે આ વર્ષે બદલાયેલા વાતાવરણને કારણે ઉત્પાદન ઓછું થયું હોવાથી, ગત વર્ષની સરખામણીએ ભાવમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે.

માર્ચની શરૂઆતથી જ પડતી કાળઝાળ ગરમી વચ્ચે ગલેલીની



માંગમાં ભારે વધારો થયો છે. ફળ મોંઘું હોવા છતાં લોકો ગરમીથી રાહત મેળવવા માટે મોટી સંખ્યામાં ખરીદી કરી રહ્યા છે. વેપારીઓના જણાવ્યા મુજબ, ગલેલી એસિડિટી અને ડિહાઈડ્રેશન માટે ખૂબ જ ફાયદાકારક છે તેમજ શરીરને કુદરતી ઠંડક આપે છે. તેમાં ફાઈબરનું પ્રમાણ પણ વધુ હોવાથી આરોગ્ય માટે ઉત્તમ માનવામાં આવે છે.સુરતનું ભાઠા ગામ ગલેલી માટેનું મુખ્ય હબ ગણાય છે. દક્ષિણ ગુજરાતમાં વેચાતી અંદાજે 80 ટકા ગલેલી અહીંથી જ બજારમાં પહોંચે છે. અહીંથી ફળ મહારાષ્ટ્રના દહાણું સુધી પણ મોકલવામાં આવે છે. આ વર્ષે ફળની આવક ઓછી હોવા છતાં 1000 રૂપિયામાં 100 નંગના દરે વેચાણ થઈ રહ્યું છે.

મોટા સાઈઝના ફળ 100 રૂપિયામાં 8 પીસ અને નાના ફળ 10 પીસ પ્રમાણે વેચાય છે.આ સમગ્ર વ્યવસાય માત્ર 40થી 45 દિવસ ચાલે છે, છતાં દરરોજ અંદાજે 10 લાખ રૂપિયાનું વેચાણ થાય છે. એટલે કે આ ટૂંકી સીઝનમાં લગભગ 4.5 કરોડ રૂપિયાનો વેપાર થતો હોવાનું અનુમાન છે. ગલેલી તોડવાનું કામ અત્યંત મુશ્કેલ અને જોખમી છે.

ભાઠા ગામના યુવકો અને તાપી જિલ્લામાંથી આવતા હજારો શ્રમિકો વહેલી સવારે 3 વાગ્યે તાડના ઊંચા વૃક્ષો પર ચડીને ટોર્ચ અને સાધનોની મદદથી ફળ તોડે છે. 6 કલાકથી વધુ મહેનત બાદ તેઓ આ ફળ બજારમાં લાવે છે, જ્યાંથી તેમની સારી આવક થાય છે.

### 45 દિવસમાં આખા વર્ષની કમાણી

ગલેલીના છૂટક વેપારી અનિલભાઈ દેવીપૂજક અને તેમના સાથીઓ જણાવે છે કે તેઓ આખું વર્ષ અન્ય વ્યવસાયમાં જોડાયેલા રહે છે, પરંતુ માર્ચના અંતથી મે મહિનાના મધ્ય સુધીના લગભગ 45 દિવસ માત્ર ગલેલીના વેપારમાં જ વ્યસ્ત રહે છે. તેઓ રોજ સવારે 5 વાગ્યે ભાઠા ગામથી ગલેલી ખરીદી કરીને સવારે 10થી સાંજે 7 વાગ્યા સુધી ફૂટપાથ પર વેચાણ કરે છે. એક દિવસમાં 30 હજારથી વધુની કમાણી કરીને આ ટૂંકા ગાળામાં જ આખા વર્ષની આવક મેળવી લે છે.

### વ્યાપાર સાથે જોડાયેલી અનોખી પરંપરા

ભાઠા ગામમાં ગલેલીના વેપાર સાથે એક અનોખી પરંપરા પણ જોડાયેલી છે. ગામના વેપારી કનૈયા પાનવાલાના જણાવ્યા મુજબ, જો કોઈ ગામવાસીને આર્થિક તંગી હોય તો તે સાહૂકારો પાસેથી કોઈ લખાણ વિના વિશ્વાસના આધારે મોટી રકમ ઉછીની લઈ શકે છે. બાદમાં ગલેલીની સીઝનમાં વેપાર કરીને તે વ્યાજ સહીત આખું દેવું ચૂકવી દે છે. આ પરંપરા ઘણા વર્ષોથી ગામમાં ચાલી રહી છે.



# સુરત મનપા ચૂંટણીમાં કલ્પેશભાઈ બારોટની આપમાંથી એન્ટ્રી

**૩૫** વર્ષ બાદ કોંગ્રેસ છોડીને આપમાં સક્રિય

**રેલવે** મુદ્દાઓ પર લાંબી લડત, ઉત્રાણ સ્ટેશન માટે મહત્વપૂર્ણ યોગદાન

**હવે** પ્રજાલક્ષી કામોના એજન્ડા સાથે ચૂંટણી મેદાનમાં ઊતર્યા

સુરતઃ સુરત મહાનગર પાલિકાની આવનારી ચૂંટણીને લઈ રાજકીય ગરમાવો વચ્ચે વોર્ડ નંબર ૧ વિસ્તારમાંથી કલ્પેશભાઈ બારોટની એન્ટ્રી ચર્ચાનો વિષય બની છે. જહાગીપુરા, છાપરાભાઠા, વરિયાવ અને કોસાડ વિસ્તારોમાં ઓળખ ધરાવતા કલ્પેશભાઈ બારોટ તાજેતરમાં કોંગ્રેસમાંથી અલગ થઈ હવે આમ આદમી પાર્ટીમાં સક્રિય થયા છે. કલ્પેશભાઈ બારોટે લગભગ ૩૫ વર્ષ સુધી કોંગ્રેસ સાથે સંકળાયેલા રહીને કાર્ય કર્યું હતું. રાજકીય જીવન ઉપરાંત તેઓ રેલ્વે સંબંધિત મુદ્દાઓ પર પણ સક્રિય રહ્યા છે. તેઓ ૧૨ વર્ષ સુધી રેલ્વે બોર્ડના સભ્ય તરીકે સેવા આપી ચૂક્યા છે તેમજ



વેસ્ટર્ન રેલ્વેની ZRUCC (ઝોનલ રેલ્વે યુઝર્સ કન્સલ્ટેટિવ કમિટી) ના પૂર્વ સભ્ય પણ રહ્યા છે. ઉત્રાણ રેલ્વે સ્ટેશનના નિર્માણ પાછળ તેમની સતત રજૂઆતો મહત્વપૂર્ણ માનવામાં આવે છે. હાલ પણ તેઓ ઉત્રાણ સ્ટેશન પર એક્સપ્રેસ ટ્રેનોના સ્ટોપેજ માટે વર્ષોથી લડત ચલાવી રહ્યા છે, જેને લઈને સ્થાનિક લોકોમાં તેમને સમર્થન મળી રહ્યું છે. સામાજિક ક્ષેત્રે પણ કલ્પેશભાઈ બારોટ સક્રિય છે. સુરતમાં બ્રહ્મભટ્ટ સમાજમાં તેઓ ટ્રસ્ટી તરીકે કાર્યરત છે અને સમૂહ લગ્ન જેવા કાર્યક્રમોમાં આજીવન દાતા તરીકે જોડાયેલા છે. આમ આદમી પાર્ટીમાં જોડાવા અંગે તેઓએ પ્રજાલક્ષી કાર્યોને વધુ ગતિ આપવા અને લોકોની વચ્ચે રહીને કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. હાલ વોર્ડ નંબર ૧ વિસ્તારમાં તેમને સારો લોકપ્રતિસાદ મળી રહ્યો હોવાનું માનવામાં આવે છે. સ્થાનિક સ્તરે લોકો વચ્ચે સક્રિય હાજરી અને લાંબા સમયથી કરેલી સેવાઓને આધારે, મનપા ચૂંટણીમાં તેઓને "ખરા લોકનેતા" તરીકે સ્વીકાર મળે તેવી ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે.